# વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય

## બાહ્ય અભ્યાસક્રમ માર્ગદર્શિકા

## શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪–૨૫

## (વાર્ષિક પધ્ધતિ)

કાર્યાલય સંપર્ક: 0261 220 3064

ઈ–મેઈલ: external@vnsgu.ac.in

(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બાહ્ય અભ્યાસક્રમો (બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.) ની પ્રવેશ કાર્યવાહી માટે પરીક્ષાના આવેદનપત્ર નિયત ફી સાથે તમામ બિડાણો સહિત વિદ્યાર્થીએ પસંદ કરેલ પરીક્ષા કેન્દ્ર / કોલેજમાં જમાં કરાવવાના રહેશે. (સિન્ડિકેટ તા.૫–૧૨–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ મુજબ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ / સેલ્ફ ફાયનાન્સ/ ગર્વમેન્ટ તમામ કોલેજોએ એક્ષટર્નલ પરીક્ષાની કામગીરી કરવાનું ઠરાવેલ છે.)

(૨) Academic Council Dated 13/2/2015 Resolution No.28 અન્વયે Examination Regulations for B.A/ B.Com, M.A/M.Com External Programs (Yearly Mode) અમલમાં છે.

(૩) **શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બાહ્ય અભ્યાસક્રમો :–** ***(Online Students)***

**[A]** F.Y. B.A./ B.Com. (Regular) તથા M.A./ M.Com. Part - I (Regular) (વાર્ષિક પધ્ધતિ) માં પ્રવેશ મેળવવા માટે નવા (Fresh) વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પર External Examination માં પ્રવેશ/પરીક્ષા સબંધિત વિષયો, પરીક્ષા કેન્દ્ર, અભ્યાસક્રમ સહિતની તમામ સૂચનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરી **GCAS** પોર્ટલ gcas.gujgov.edu.in પર ઓનલાઈન ફોર્મ ભરી, (વિદ્યાથીએ પોતાની પ્રાથમિક માહિતી, શૈક્ષણિક માહિતી તથા પરીક્ષા કેન્દ્ર જે તે વિષય/કોર્સનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ પસંદગી કરવાની રહેશે, તેમજ પરીક્ષા કેન્દ્ર એક વખત પસંદ કર્યાબાદ કોઈપણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહિ.) નિયત કરેલ રૂ. ૩૦૦/– નોન રીફંડેબલ રજીસ્ટ્રેશન ફી ભરી અરજી ફાઈનલ સબમીટ કરવાની રહેશે. બાહ્ય અભ્યાસક્રમોમાં પ્રવેશની ફાળવણી જે તે પરીક્ષા કેન્દ્રની પરીક્ષા વ્યવસ્થાની સગવડ ધ્યાનમાં લઈ વહેલા તે પહેલાના ધોરણે થનાર હોય માટે પસંદ કરેલ પરીક્ષા કેન્દ્ર ખાતે ૦૧ (એક) દિવસ પછી સત્વરે ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ, ફી રસીદ, તથા અન્ય જરૂરી ડોકયુમેન્ટ પરીક્ષા કેન્દ્રમાં કાર્યાલય કામકાજના સમય દરમિયાન નિયત સમય મર્યાદામાં ઓનલાઈન ફોર્મનું વેરીફિકેશન કરાવી તથા પરીક્ષા ફોર્મની ફી ભરી જમા કરાવવાનુ રહેશે, અન્યથા બાહ્ય અભ્યાસક્રમના ફોર્મની પ્રોસેસ અધૂરી ગણીને પરીક્ષાનું એલોટમેન્ટ કન્ફર્મ ગણાશે નહિ.

**[B]** F.Y. B.A./B.Com. (Fail/Part), S.Y. B.A./B.Com. (Whole/Fail/Part) T.Y. B.A./B.Com. (Whole/Fail/Part) તથા M.A./M.Com. Part-I & II (Whole/Fail/Part) (વાર્ષિક પધ્ધતિ) માં પ્રવેશ મેળવેલ ERP System અંતર્ગત વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.net પર SPID નંબરથી Student Dashboard માં આપવામાં આવેલ લીંક **(External Exam Form Fill Up Link)** દ્વારા ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ સાથે નિયત કરેલ ફી સબંધિત પરીક્ષા કેન્દ્રમાં કાર્યાલય કામકાજના સમય દરમિયાન ઓનલાઈન ફોર્મનું વેરીફિકેશન કરાવી જમા કરાવવાનુ રહેશે. અન્યથા બાહ્ય અભ્યાસક્રમના ફોર્મની પ્રોસેસ અધૂરી ગણીને પરીક્ષાનું એલોટમેન્ટ કન્ફર્મ ગણાશે નહિ.

***(Offline Students)***

**[A]** F.Y. B.A./B.Com. (Fail/Part), S.Y. B.A./B.Com. (Whole/Fail/Part) T.Y. B.A./B.Com. (Whole/Fail/Part) તથા M.A./M.Com. Part-II (Whole/Fail/Part) (વાર્ષિક પધ્ધતિ) માં ERP System સિવાયના રજીસ્ટર્ડ જૂના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in > External Examination > Examination Form & Card ડાઉનલોડ કરી, પ્રવેશ અરજી જરૂરી બિડાણો અને નિયત ફી સહિત જે પરીક્ષા કેન્દ્ર માંથી પરીક્ષા આપવા ઈચ્છુક હોઈ તે પરીક્ષા કેન્દ્રમાં કામકાજના સમય દરમિયાન પરીક્ષા ફોર્મ વેરીફિકેશન કરાવી જમા કરાવવાનુ રહેશે, અન્યથા બાહ્ય અભ્યાસક્રમના ફોર્મની પ્રોસેસ અધૂરી ગણીને પરીક્ષાનું એલોટમેન્ટ કન્ફર્મ ગણાશે નહિ.

(૪) બાહ્ય અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં દરેક વર્ષે રજીસ્ટ્રેશન કરાવવા માટે નવેસરથી નવી અરજી કરવાની રહેશે. આગળના વર્ષોમાં અરજી કરીને પરીક્ષામાં નહી બેઠેલા કે નાપાસ થયેલા વિદ્યાર્થીઓએ પણ પ્રવર્તમાન નિયમોનુસાર નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ ફોર્મ સાથે જરૂરી બિડાણો અને ફી જમા કરાવવાની રહેશે.

(૫) જે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષમાં Fail હોય તેઓએ પ્રથમ વર્ષનું Fail નું પરીક્ષા ફોર્મ અને બીજા વર્ષના ફ્રેશ પરીક્ષા ફોર્મ માટે ડેશબોર્ડ માંથી અલગથી ફોર્મ ડાઉનલોડ કરી ભરવાનુ રહેશે.

(૬) બાહ્ય અભ્યાસક્રમમાં પરીક્ષા દરમિયાન જે તે સમયે જો પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવે તો તે વિદ્યાર્થીને બંધન કર્તા રહેશે અને ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે જ પરીક્ષા આપવાની રહેશે.

(૭) જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરરિતી કરતા પકડાયા હોય યુનિવર્સિટીનાં નિયમાનુસાર દંડ અને સજાપાત્ર થશે.

(૮) જે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષમાં સંપૂર્ણ Absent હોય તેઓએ વિદ્યાર્થી ડેશબોર્ડ www.vnsgu.net પર SPID નંબરથી Student Dashboard માં આપવામાં આવેલ લીંક (External Exam Form Fillup Link) દ્વારા પ્રથમ વર્ષનું Absent ના ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ સાથે નિયત કરેલ ફી પરીક્ષા કેન્દ્રમાં કાર્યાલય કામકાજના સમય દરમિયાન ઓનલાઈન ફોર્મનું વેરીફિકેશન કરાવી જમા કરાવવાની રહેશે.

(૯) **બાહ્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની લાયકાત :**

**F.Y.B.A.**

| B.A. External Subject | Eligibility |
|---|---|
| **Bachelor of Arts**<br>▪ Gujarati<br>▪ English<br>▪ Hindi<br>▪ Sanskrit<br>▪ History<br>▪ Economics<br>▪ Sociology<br>▪ Political Science | Higher Secondary or Equivalent Examination under any stream. Equivalent Examination includes any Diploma or ITI (NCVT/GCVT Certificate) for which recognized board has issued certificate of equivalence certifying equivalence with higher secondary certificate. |

**F.Y.B.Com.**

| B.Com. External Subject | Eligibility |
|---|---|
| **Bachelor of Commerce**<br>▪ Advanced Accounting & Auditing<br>▪ Banking<br>▪ Statistics<br>▪ Marketing<br>▪ Management | Higher Secondary or Equivalent Examination under any stream. Equivalent Examination includes any Diploma or ITI (NCVT/GCVT Certificate) for which recognized board has issued certificate of equivalence certifying equivalence with higher secondary certificate. |

**M.A.-Part-I**

| M.A. External Subject | Eligibility |
|---|---|
| **Master of Arts**<br>▪ Gujarati<br>▪ English<br>▪ Hindi<br>▪ Sanskrit<br>▪ History<br>▪ Economics<br>▪ Sociology<br>▪ Political Science<br>▪ Comparative Literature<br>▪ Psychology<br>▪ Mathematics | Any Bachelor's Degree of recognized university. |

**M.Com.-Part-I**

| M.Com. External Subject | Eligibility |
|---|---|
| **Master of Commerce**<br>▪ Financial & Management Accountancy<br>▪ Advanced Statistics<br>▪ Marketing | Graduation in Commerce or any subject equivalent to or allied to Commerce. |

(૧૦) (૧) પ્રથમ વર્ષ બી.એ. માં જે વિષયો મુખ્ય (કોર કમ્પલસરી) અને ગૌણ (કોર ઈલેક્ટિવ) પસંદ કર્યા હશે તે જ વિષયો દ્વિતીય વર્ષ બી.એ. માં પણ રાખવાના રહેશે. વિદ્યાર્થી ઈચ્છે તો એસ.વાય.બી.એ. માં મુખ્ય અને ગૌણ વિષય અરસપરસ બદલી શકશે.

(૨) એક્ષટર્નલ પધ્ધતિ બી.એ. માં સાયકોલોજી તથા સ્ટેટેસ્ટીકસ વિષયને મુખ્ય વિષય તરીકે લઈ શકાશે નહિ.

(૧૧) (૧) બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં મુખ્ય વિષયો અને ગૌણ વિષયોની પસંદગી દર્શાવેલ યાદી પ્રમાણે કરવાની રહેશે.

(૨) મુખ્ય (કોર કમ્પલસરી) અને ગૌણ (કોર ઈલેકિટવ) વિષય એક સરખા પસંદ કરવા નહિ.

(દા.ત. મુખ્ય ગુજરાતી ૧,૨ સાથે ગૌણ હિન્દી ૧,૨ રાખી શકાય, પરંતુ મુખ્ય ગુજરાતી–૧, ઈતિહાસ–૨ અને ગૌણ અર્થશાસ્ત્ર–૧, ગુજરાતી–૨ રાખી શકાય નહિ.)

(૩) બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં પરીક્ષા કેન્દ્રોની પસંદગી દર્શાવેલ યાદી પ્રમાણે કરવાની રહેશે.

(૪) એક્ષટર્નલ અભ્યાસક્રમોના નિયત કરાયેલ બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના પરીક્ષા કેન્દ્રોમાં તે અભ્યાસક્રમના વિષયનાં ફોર્મ જમા કરાવી શકાશે.

(૧૨) એક્ષટર્નલ અભ્યાસક્રમો **બી.એ./બી.કોમ.** માટેના આવેદનપત્ર સાથે નીચે મુજબનાં લાગુ પડતા બિડાણો ક્રમાનુસાર જોડવાના રહેશે.

(૧) ધોરણ–૧૨ ની પરીક્ષાની પ્રામણિત માર્કશીટ, એફ.વાય/એસ.વાય/ટી.વાય બી.એ.–બી.કોમ. ની માર્કશીટની પ્રમાણિત નકલ.
(૨) જન્મ તારીખના પુરાવા માટે ધોરણ–૧૨ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર.
(૩) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના અરજદારો માટે સમાજ કલ્યાણ અધિકારી તરફથી આપવામાં આવેલ પ્રમાણિત નકલ અને પરિશિષ્ટ 'ક'.
(૪) શારીરિક રીતે વિકલાંગ (ફિઝીકલી હેન્ડીકેપ) પ્રમાણપત્ર. (જો લાગુ પડતુ હોય તો)
(૫) અન્ય શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ તથા પ્રમાણપત્ર.
(૬) ઓળખપત્રની નકલ.
(૭) પાસપોર્ટ સાઈઝ ફોટો તથા ડિજીટલ સહિ. (ફોટો માર્કશીટ/ ડિગ્રી સર્ટીફિકેટમાં છાપવામાં આવતો હોવાથી વ્યવસ્થિત અપલોડ કરવો)

(૧૩) એક્ષટર્નલ અભ્યાસક્રમો **એમ.એ./એમ.કોમ.** માટેના આવેદનપત્ર સાથે નીચે મુજબનાં લાગુ પડતા બિડાણો ક્રમાનુસાર જોડવાના રહેશે.

(૧) સ્નાતક પરીક્ષાની (પ્રથમ, દ્વિતિય અને તૃતીય વર્ષ) અને એમ.એ./એમ.કોમ. ભાગ–૧ ની પ્રમાણિત માર્કશીટ નકલ.
(૨) જન્મ તારીખના પુરાવા માટે ધોરણ–૧૨ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર.
(૩) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના અરજદારો માટે સમાજ કલ્યાણ અધિકારી તરફથી આપવામાં આવેલ પ્રમાણિત નકલ અને પરિશિષ્ટ 'ક'.
(૪) શારીરિક રીતે વિકલાંગ (ફિઝીકલી હેન્ડીકેપ) પ્રમાણપત્ર. (જો લાગુ પડતુ હોય તો)
(૫) અન્ય શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ તથા પ્રમાણપત્ર.
(૬) ઓળખપત્રની નકલ
(૭) પાસપોર્ટ સાઈઝ ફોટો તથા ડિજીટલ સહિ. (ફોટો માર્કશીટ/ ડિગ્રી સર્ટીફિકેટમાં છાપવામાં આવતો હોવાથી વ્યવસ્થિત અપલોડ કરવો)

(૧૪) **પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓએ પોતાનું નામ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટમાં દર્શાવેલ હોય તે પ્રમાણે જ તેમનું નામ પ્રવેશ ફોર્મમાં દર્શાવવાનું રહેશે. જો નામમાં ફેરફાર હોય તો તે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નામની પ્રમાણિત નકલ આવેદનપત્ર સાથે જમા કરાવવાનું રહેશે.**

(૧૫) **ડબલ ગ્રેજયુએશન તથા ડબલ પોસ્ટ ગ્રેજયુએશન** કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી–સુરતના એકેડેમિક વિભાગમાંથી પૂર્વમંજૂરી મેળવવી આવશ્યક છે. આ મંજૂરી પત્રની નકલ આવેદનપત્ર સાથે જમા કરાવવાનું રહેશે.

(૧૬) **અભ્યાસ દરમિયાન વચ્ચે ડ્રોપ (ગેપ)** રાખેલ હોય તો વિદ્યાર્થીએ યુનિવર્સિટી વેબસાઈટ પરથી સ્વ–ઘોષણાપત્ર નુ ફોર્મ ડાઉનલોડ કરી ભરવાનુ રહેશે. જેની નકલ આવેદનપત્ર સાથે જમા કરાવવાની રહેશે. (vnsgu.ac.in > Examination > External Examination > Download Forms)

(૧૭) **પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ– P.E.C.:–** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સિવાય અન્ય યુનિવર્સિટી માંથી સ્નાતક થયેલ હોય / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સિવાયના અન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના એકડેમિક વિભાગમાંથી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ (કામચલાઉ પ્રવેશ પ્રમાણપત્ર) મેળવીને એક્ષટર્નલ અભ્યાસક્રમોનું આવેદનપત્ર ભરવાનું રહેશે. પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આવેદનપત્ર સાથે જે તે કોલેજમાં જમા કરાવવાનું રહેશે.

નોંધ: વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટનુ ફોર્મ તથા ફી પરીક્ષા કેન્દ્ર પરથી ઓનલાઈન ભરવાની રહેશે.

**(૧૮) એક્ષટર્નલ અભ્યાસક્રમો (બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.) નું ફી નું માળખું નીચે મુજબ છે.**

| **અભ્યાસક્રમ** | **પરીક્ષા ફી** |
|---|---|
| **રેગ્યુલર પરીક્ષા ફી** | |
| બી.એ./બી.કોમ. (પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ) | ૨૦૦૦/– |
| એમ.એ./એમ.કોમ. (પાર્ટ–૧ અને પાર્ટ–૨) | ૨૫૦૦/– |
| **નાપાસ તથા પાર્ટ ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી** | |
| બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. (તમામ વર્ષ) | ૮૦૦/– |
| | |
| પ્રજ્ઞાચક્ષુ (Blind) વિદ્યાર્થી | ૧૦૦/– ટોકન ફી |
| જેલના બંદીવાન કેદીઓ | ૧૦૦૦/– ટોકન ફી |

(૧૯) પરીક્ષા ફોર્મ ભરવાની નિયત સમય મર્યાદા પૂર્ણ થયાબાદ નીચે મુજબની લેઈટ ફી સાથે પરીક્ષા ફોર્મ ભરી શકાશે.

**૧. ૭ દિવસ સુધી — રૂ. ૨૫૦/–**
**૨. ૮ દિવસથી ૧૫ દિવસ સુધી — રૂ. ૫૦૦/–**
**૩. ૧૬ દિવસથી ૩૦ દિવસ સુધી — રૂ. ૧૦૦૦/–**
**૪. ૩૦ દિવસથી વધુ — રૂ. ૧૫૦૦/–**

(૨૦) શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માટે નીચે જણાવેલ જે તે પરીક્ષાના વિષયો / પેપરોમાં નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો હોવાથી આગામી પરીક્ષાઓ માટે **એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં રજીસ્ટર્ડ જૂના વિદ્યાર્થીઓ માટે (નાપાસ થયેલ વિદ્યાર્થીઓ)** **નવા અભ્યાસક્રમ** પ્રમાણે પરીક્ષા લેવામાં આવશે. સદરહૂ પરીક્ષામાં નાપાસ થનાર, તેમાં નહી બેસનાર વિદ્યાર્થીઓએ પછીથી લેવાનાર જે તે વિષયો / પેપરોની પરીક્ષા નવા અભ્યાસક્રમ મુજબની જ આપવાની રહેશે.

| **Course** | **Subject / Paper** |
|---|---|
| S.Y.B.A. | Sociology Core Compulsory Paper 3-4-5 |
| | Sociology Core Elective Paper 3-4 |
| M.A. PART-I | Gujarati Paper 1 To 5 |
| M.A. PART-II | Gujarati Paper 6 To 10 |
| | Sociology Paper 6 To 10 |
| F.Y.B.COM. | Financial Accounting |
| S.Y.B.COM. | Accoutancy & Taxation |
| | Advance Accounting & Auditing Paper – 1 |
| | Advance Accounting & Auditing Paper – 2 |
| | Banking Law And Practice Paper – 1 |
| | Banking Law And Practice Paper – 2 |
| | Business Administration |
| | Management Paper – 1 |
| | Management Paper – 2 |
| | Marketing Paper – 1 |
| | Marketing Paper – 2 |

(૨૧) રી ચેકિંગ/રી એસેસમેન્ટ કરાવનાર વિદ્યાર્થીઓએ તેમના પરિણામની રાહ જોયા વિના નિયત તારીખ સુધીમાં એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના આવેદનપત્ર ભરવા હિતાવહ રહેશે.

(૨૨) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માટે જે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી દ્વારા રદ કરવામાં આવે અથવા વિદ્યાર્થી દ્વારા નિયત સમયમાં પ્રવેશ રદ કરાવે તો ફી માંથી રૂા.૭૫૦/– કાપીને બાકીની રકમ પરત કરવામાં આવશે. લેઈટ ફી પરત કરી શકાશે નહી. (સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૭ મુજબ)

(૨૩) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. નાં વિદ્યાર્થીઓએ પરીક્ષાના આવેદનપત્ર રદ કરવાની અરજી પરીક્ષા બેઠક ક્રમાંક ફળવાયા બાદ આપેલ હોય તો ફી રીફંડની અરજી દફતરે કરવામાં આવશે.

(૨૪) UGC Guidelines For Pursuing Two Academic Programmes Simultaneously (Syndicate Dated: 09/06/2022 Resolution No:4) અન્વયે વિદ્યાર્થી એક સાથે બે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.

(૨૫) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. નાં જે વિદ્યાર્થીઓની પરીક્ષાની હોલ ટીકીટમાં ભૂલ હોય તો તેમણે યુનિવર્સિટીના એક્ષટર્નલ યુનિટ, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યાલય સમય દરમિયાન વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ નિયત અરજી કરવાની રહેશે. એક્ષટર્નલ પરીક્ષાની હોલ ટીકીટ જનરેટ થયા બાદ વિષય બદલી કરી આપવામાં આવશે નહી, જેથી વિદ્યાર્થીએ એક્ષટર્નલ ફોર્મ ભરતી વખતે ખાસ કાળજી રાખવી.

(૨૬) યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર એક્ષટર્નલ અભ્યાસક્રમ સબંધિત દરેક માહિતીથી (સીલેબસ, પરીક્ષાનું ટાઈમ ટેબલ, હોલ ટીકીટ, પ્રોસ્પેકટસ, પ્રવેશ જાહેરાત, ફોર્મ, પરિપત્રો... વગેરે) માહિતગાર કરવામાં આવશે, જેથી તે મુજબ માહિતી મેળવી લેવાની રહેશે.

યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર External Examination માં એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ જરૂરી ફોર્મ ઉપલબ્ધ છે.

01. Application Form for Attempt - Trial Certificate
02. Application Form for Language of Examination Certificate
03. Application Form for Transcript
04. Application Form for External Admission Form Fee Refund
05. Self-Declaration Proforma for Study Gap
06. Application Form for Correction in Exam Hall Ticket
07. Application Form for Letter of Recommendation Certificate
08. Application Form for GUN Patrak Certificate

**નોંધ: ઓનલાઈન વિદ્યાર્થીઓએ તેમના ડેશબોર્ડ માંથી સર્ટિફિકેટ મેળવવા માટે અરજી કરવાની રહેશે.**

(૨૭) વિદ્યાર્થીએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં કોઈ એક જ માધ્યમમાં પરીક્ષા આપવાની રહેશે. પ્રશ્નપત્ર અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં આપવામાં આવશે. (પરીક્ષાનું માધ્યમ પસંદ કર્યા બાદ બદલી શકાશે નહી)

(૨૮) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. ના પાસીંગ ધોરણ ૩૬ % તથા એમ.એ./એમ.કોમ. ના પાસીંગ ધોરણ ૪૦ % છે. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૬ મુજબ)

(૨૯) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. માં જે તે વર્ષની પરીક્ષામાં ૬૦ % વિષયો સાથે પાસ થયેથી આગામી વર્ષમાં Fail સાથે પ્રવેશ પાત્રતા ધરાવે છે. જયારે એમ.એ./એમ.કોમ. માં પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ હોય તો પણ આગામી વર્ષમાં પ્રવેશ પાત્રતા ધરાવે છે. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૮, ૯ મુજબ)

(૩૦) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં છેલ્લા વર્ષની પરીક્ષામાં પાસ હોય પરંતુ અગાઉના વર્ષની પરીક્ષાના પરિણામમાં પાસ થયેલ ન હોય ત્યાં સુધી છેલ્લા વર્ષની પરીક્ષાનું પાસ થયેલું પરિણામ જાહેર થશે નહી. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૮.૧.૪ , ૯.૧.૨ મુજબ)

(૩૧) વિદ્યાર્થીને જે તે વિષયની પરીક્ષા પાસ કર્યા બાદ કોઈ અભ્યાસક્રમ / પેપર / પાસીંગ હેડ સબંધિ પરિણામને સુધારવાના હેતુ માટે ફરી વાર પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવશે નહી. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૧૧ મુજબ)

(૩૨) ITI / Diploma કોર્ષના વિદ્યાર્થીઓને એફ.વાય.બી.એ./ બી.કોમ. (રેગ્યુલર તેમજ એક્ષટર્નલ) અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્ર ગણાશે. આવા વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ITI / Diploma ની માર્કશીટ / પ્રમાણપત્ર ઉપરાંત Gujarat Secodary & Higher Secondary Education Board, Gandhinagar માંથી Equivalence Certificate મેળવી રજૂ કરવાનું રહેશે. (એકેડેમિક કાઉન્સિલ તા. ૨૯–૦૮–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : ૩ મુજબ)

(૩૩) એકેડેમિક કાઉન્સિલ તા.૭/૦૬/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ૨૯૧ તથા સિન્ડિકેટ તા.૧૯/૦૬/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ૩૭૨ અન્વયે કોલેજોમાં રેગ્યુલર અભ્યાસક્રમમાં સેમેસ્ટર પધ્ધતિ તેમજ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં વાર્ષિક પધ્ધતિ મુજબ અભ્યાસક્રમ ચાલતા હોય જેથી :–

- પ્રથમ વર્ષ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને બીજા વર્ષથી રેગ્યુલર વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી પ્રથમ વર્ષ એક્ષટર્નલ પરીક્ષાના બધા વિષયો સાથે પાસ હોવો જોઈએ અને કોલેજ તરફથી રેગ્યુલર વિદ્યાર્થીને પ્રવેશ અપાય બાદ ખાલી રહેલ જગ્યા ઉપર, યુનિવર્સિટીને સંમતિ પત્ર આપ્યેથી પ્રવેશ એક્ષટર્નલથી રેગ્યુલરમાં તબદીલ કરી શકે છે.
- પ્રથમ વર્ષ રેગ્યુલર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને બીજા વર્ષથી એક્ષટર્નલ વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી પ્રથમ વર્ષ રેગ્યુલર પરીક્ષાના બધા વિષયો સાથે પાસ હોવો જોઈએ.
- પ્રથમ અને બીજા વર્ષ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને ત્રીજા વર્ષથી રેગ્યુલર વિદ્યાર્થી તરીકે પ્રવેશ તબદીલ કરી શકે નહિ.

(૩૪) વિદ્યાર્થીએ એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ની માર્કશીટ મેળવવા આપેલ પરીક્ષા કેન્દ્ર / કોલેજમાં ઓળખનો કોઈ એક પુરાવો તેમજ પરીક્ષાની હોલટિકિટ બતાવ્યેથી પરીક્ષા પરિણામ આવ્યાના ૩૦ દિવસમાં મેળવી લેવાની રહેશે.

(૩૫) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં રજીસ્ટર્ડ તમામ વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારના સર્ટિફિકેટ મેળવવા માટે તથા સહી–સિક્કા માટે એક્ષટર્નલ યુનિટ, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યાલય સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

(૩૬) અનિવાર્ય સંજોગોમાં જો વિદ્યાર્થી રૂબરૂ આવી શકે એમ ન હોય તો તેણે અરજીની સાથે સર્ટિફિકેટ લેવા આવનાર વાલી/વારસને વિદ્યાર્થીએ અધિકારપત્ર (ઓથોરિટી લેટર) આપવાનો રહેશે તથા સર્ટિફિકેટ લેવા આવનાર વાલી/વારસે તેમના ઓળખપત્રની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે.

(૩૭) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ની પરીક્ષાના પરિણામો જાહેર થયેથી દિન –૭ માં રીચેકીંગ / રીએસેસમેન્ટના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેની વિદ્યાર્થીઓએ ખાસ કાળજી લેવી. (યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો મુજબ છેલ્લા વર્ષની પરીક્ષા માટે રીએસેસમેન્ટ તથા બાકીના વર્ષની પરીક્ષા માટે રીચેકીંગની જોગવાઈ છે.)

(૩૮) રીચેકીંગ / રીએસેસમેન્ટમાં પાસ થનાર વિદ્યાર્થીએ રૂબરૂ આવીને પોતાનું ફોર્મ રદ કરવાનું રહેશે.

(૩૯) વિદ્યાર્થીઓને ફોર્મ ભરવામાં જો કોઇ મુશ્કેલી પડે તો યુનિવર્સિટીના હેલ્પલાઇન નંબરઃ ૦૨૬૧ ૨૨૦૩૦૬૪ તથા ઈ–મેઈલ આઈડીઃ external@vnsgu.ac.in નો સંપર્ક કરી શકશે.

**નોંધઃ**

- ✓ પેમેન્ટ સંબંધીત જો કોઇ મુશ્કેલી હોય તો જે–તે બેંકનાં ટોલ ફ્રી નંબર 1800**** પર જાણ કરવાની રહેશે.
- ✓ Online Payment, SBI Branch Payment (૧૨ કલાક પછી) NEFT/RTGS (૨૪ કલાક પછી) જેવા કિસ્સામાં Payment Status Pending હોય તો ફરીથી Initiate Payment પર Click કરવાનુ રહેશે.
- ✓ ઓનલાઇન પેમેન્ટ કર્યા બાદ વિદ્યાર્થીએ ૭ દિવસમાં Payment Status ચેક કરી લેવુ, ત્યારબાદ યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહિ. જે કિસ્સામાં પેમેન્ટ બે વખત થઇ જાય તો તેની જાણ external@vnsgu.ac.in પર તમામ વિગતો સાથે કરવાની રહેશે, (પેમેન્ટ બે વખત થઇ જાય તો સૌપ્રથમ નિચે દર્શાવેલ લિંકથી સ્ટેટસ જાણી લેવુ.)
- ✓ આપનુ પેમેન્ટ સ્ટેટસ આ રીતે લિંક દ્વારા જાણોઃ **www.sbiepay.sbi**